# India – Nigeria Strategic and Counter-Terrorism Dialogue

March 05, 2021

---

# ભારત-નાઇજીરિયા વ્યૂહાત્મક અને આતંકવાદ વિરોધી સંવાદ

માર્ચ 06, 2021

રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર શ્રી અજિત કે. ડોવાલનાં આમંત્રણ પર, રાષ્ટ્રિય સુરક્ષા સલાહકારનાં સ્તર પર ભારત અને નાઇજીરિયા વચ્ચે પ્રથમ વ્યૂહાત્મક અને આતંકવાદ વિરોધી સંવાદ માટે માર્ચ 4-5, 2021 સુધી નાઇજીરિયાનાં રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર મેજર જનરલ (નિવૃત) બાબાગાના મોન્ગુને નવી દિલ્હીની મુલાકાત લીધી હતી.

ભારત અને નાઇજીરિયા વચ્ચે નિકટતમ અને વ્યૂહાત્મક ભાગીદારીનાં ફ્રેમવર્કની અંદર, રાષ્ટ્રિય સુરક્ષા સલાહકારોએ લોકતાંત્રિક સમાજો આતંકવાદીઓ, આત્યંતિકવાદીઓ, કટ્ટરપંથીઓ તરફથી સાયબર સ્પેસ અને આંતરરાષ્ટ્રિય ગુનાઓ, શસ્ત્રો અને ડ્રગ સ્મગલિંગ તથા પાઇરસી સહિત મારફત સામનો કરવો પડી રહેલા ખતરાઓ અને પડકારો પર ઉંડાણપૂર્વક ચર્ચાઓ યોજી હતી.

બન્ને પક્ષોએ તમામ સ્વરૂપોનાં આતંકવાદ સામેની તેઓની લડાઇમાં સહકારનાં ક્ષેત્રોની ઓળખ કરી હતી અને તેઓની અડગ મક્કમતાની પુનઃપુષ્ટિ કરી હતી કે આતંકવાદ કોઇપણ સ્વરૂપ કે અભિવ્યક્તિમાં સ્વિકાર્ય ન હોઇ શકે. તેઓએ આંતરરાષ્ટ્રિય મંચો પર પણ તેઓનાં સહકારમાં વધારો કરવા અને આ ક્ષેત્રમાં નિયમિત સંપર્કમ જાળવી રાખવા સંમતી કરી હતી.

પોતાની મુલાકાત દરમિયાન, નાઇજીરિયાનાં રાષ્ટ્રિય સુરક્ષા સલાહકાર ભારતનાં વિદેશ મંત્રીને પણ મળ્યા હતા.

**નવી દિલ્હી**

**માર્ચ** 05, 2021

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.